તમસો માં જ્યોતિર્ગમય

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

જૂન - જુલાઈ ૨૦૨૬

વર્ષ : ૬૪ - સળંગ અંક નં. ૫૧૨

# પંચોલી નવયુગ

Pancholi Navyug Email ID. : jpancholi11052004@gmail.com

Email : infospssmm@gmail.com

Website : www.pancholisamaj.org

તંત્રીઃ શ્રી જયકુમાર એમ. પંચોલી
સહતંત્રીઃ શ્રી જીગર એન. મપારા



માસિક કિંમત : રૂ. ૧૦/-

વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦/-

## નવયુગ શુભેચ્છક

### ૧૪ પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



**સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી**

**જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ઘદ્રષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

**અર્પણકર્તા**

| | |
|---|---|
| પનસભાઇ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઇ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઇ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઇ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઇ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઇ ગોરધનભાઇ પંચોલી | હંસાબેન રાજેશભાઇ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઇ દેસાઇ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઇ |

તથા સમસ્ત પરિવાર 2012-2032

## નવયુગ શુભેચ્છક

### ૧૪ પૂણ્યતીથીએ હાર્દિક શ્રંધ્ધાંજલિ



**સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી**

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

‘ પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઇ એક નવી કેડી ખેલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....’ એજ અમારી
પ્રાર્થના

**અર્પણકર્તા**

કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી

કૌશલરાજ કિરણ પંચોલી અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી

ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી

અ.સૌ. હેતલ અક્ષર ગાંધી શ્રી અક્ષર જયેશભાઇ ગાંધી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૦૫૪ બકઇ
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઇલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

2012-2032

## તંત્રી નોંધ...



જય એમ. પંચોલી

સર્વે જ્ઞાતિજનોને નમસ્કાર,

આપ સૌ જાણો છો તહેવારોની સીઝન ચાલુ થઈ રહી છે અને જોત જોતામાં દિવાળી ક્યારે આવી જશે એની ખબર જ નહીં પડે અને દરેક સભ્યો દિવાળી નવયુગની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે.

દર વર્ષે નવયુગ પ્રકાશીત કરવામાં વિલંબ થતો હોય છે જે ના થાય અને દિવાળી સમય દરમ્યાન જ દરેકના ઘરે નવયુગ મળી શકે એવા ભાગરૂપે આ વર્ષે અત્યારથી નવયુગમાં જાહેરાત આપવા આપ સૌ એકમોને નમ્ર વિનંતી છે કે ઓગષ્ટ/સપ્ટેમ્બર માં નવયુગ માં જાહેરાત આપવા માટે દરેક સભ્યો પાસેથી એડવાન્સમાં જાહેરાત લેવાની તજવીજ કરે જેથી કરીને ઓક્ટોબર માસમાં નવયુગ ની ડિઝાઇન રેડી કરીને સમયસર પ્રકાશિત કરી શકાય જે એકમમાં કે સભ્યો ના ઘરે નવયુગ નથી પહોચતા એના પગલા લેવામાં આવે છે અને અમારો એવો પ્રયત્ન રહેશે કે આ વર્ષે દરેક સભ્યોને નવયુગ મળી શકે.

સાથે એક વાત કહેવી છે કે ઘણા સભ્યો ની એવી ફરીયાદ હોય છે કે અમારી જાહેરાત રહી ગઈ (નથી આવી), ખોટી છપાઈ છે તો એ ભૂલો કે ફરિયાદ વારંવાર ન થાય એના માટે નવયુગ પ્રકાશન ની એક અલગ નંબર લેવામાં આવેલો છે જેના પર આપ વિના સંકોચે મેસેજ કરી શકાય અને એના પર જ ફોન કરીને જાણ કરી શકાય.

જો સમયસર જાહેરાત મળી જાય તો અમે પણ સમયસર એનું ડિઝાઈનિંગ અને ચેક કરાવવા માટે જે તે એકમને આપીએ તો ભૂલો ઓછી થઇ શકે. તમામના સાથ સહકારથી જ નવયુગ પ્રકાશન ને નવો યુગ, નવો વેગ મળી શકે એમ છે તો દરેક એકમના પ્રમુખ મંત્રીને નમ્ર અપીલ છે કે તમારા એકમના સભ્યો પાસેથી જાહેરાત ભેગી કરી અમને આપેલા નંબર પર મોકલી આપવા વિનંતી.

લી. આપનો વિશ્વાસુ

**જય મધુસુદનભાઈ પંચોલી**
**જીગર નરેન્દ્રભાઈ મપારા**
જય પંચોલી સમાજ

## પ્રમુખ નોંધ...



શ્રી ભરતકુમાર સી. પંચોલી

સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચિંગનો કાર્યક્રમ સુરત મુકામે તા. ૧૨/૭/૨૦૨૫ ના રોજ આયોજીત થયો. સાથે મહામંડળની કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું. સૌ પ્રથમ તો વેબસાઈટના પ્રતિકભાઈ તથા મૃદુતાબેનને ધન્યવાદ આપું છું. આ કાર્યક્રમમાં મહામંડળના સૌ હોદ્દેદારો તથા દરેક એકમના હોદ્દેદારોને આવવા માટે ખાસ આમંત્રણ આપ્યું હતું પરંતુ ખૂબ જ ઓછી સંખ્યામાં કાર્યક્રમ કરવામાં આવ્યો. મહામંડળના ઉત્સાહપ્રેરક કાર્યક્રમમાં હાજર રહી હોદ્દેદારો તથા કાર્યકરોને પ્રોત્સાહિત કરવાની સૌ જ્ઞાતિજનોની ફરજ હોય છે. ટૂંક સમયમાં મહામંડળની સામાન્ય સભાનું આયોજન થશે જેમાં અવશ્ય મારી નોંધને ધ્યાનમાં લઈ સૌ હોદ્દેદારો તથા દરેક એકમના હોદ્દેદારો હાજર રહી સભાને સફળ બનાવે એવી આશા રાખું છું.

શ્રી પંચોલી ભગિની સમાજ-મુંબઈ એ મુંબઈ એકમ તથા આવિશ્કાર ગ્રુપના સથવારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી તથા મુંબઈ એકમ નોટબુક વિતરતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. ખૂબ જ સુંદર. દરેક એકમમાં નાના-મોટા સમાજના કાર્યક્રમ થતા હોય છે, જેની માહિતી નવયુગમાં છાપવા માટે મોકલવામાં આવે તો આપણે નવયુગને ફરીથી વેગવંતું કરી શકીએ. સર્વે એકમના સાથ-સહકારની અપેક્ષા રાખું છું.

લી. આપનો વિશ્વાસુ

**ભરત સી. પંચોલી**
પ્રમુખ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

**નવયુગમાં પ્રકાશિત કરવા વિગત મોકલવા માટેનું સરનામું**

**૮મો માળ, ૮૦૩-૮૦૪, બ્લુચીપ કોમ્પ્લેક્ષ, સ્ટોક એક્ષચેજન્સની પાસે, સયાજીગંજ, વડોદરા - ૩૯૦૦૨૦ ગુજરાત.**

**વોટ્સએપ મોબાઈલ નંબર**

**મો. ૯૯૯૮૦ ૫૪૪૨૬**

# અંકલેશ્વર મહિલા મંડળ – જુન અહેવાલ

તા. ૯–૬–૨૦૨૬ ના રોજ મહિલા મંડળની મિટિંગ સોનલબેન મનોજભાઈ પંચોલી ના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. મિટિંગ ની શરૂઆત પ્રાર્થના થી કરવામાં આવી. ત્યારબાદ નક્કી કરેલ મુજબ ૫ મિનીટ યોગા પ્રાણાયામ કરી મિટિંગ ની શરૂઆત કરી ત્યારબાદ ગત મિટિંગ નો અહેવાલ મંત્રી ખુશ્બુબેન મિસ્ત્રીએ વાંચીને મિટિંગ ને આગળ વધારી. જાગૃતિબેન સંજયભાઈ પંચોલીએ બર્થડે ની ઉજવણી કરી, મહિલાઓને બર્થડે ની ભેટ આપી.

**પ્રોજેક્ટ - ૧ :** તા. ૧૪–૬–૨૦૨૬ રવિવાર ના રોજ પ્રોજેક્ટ અનુસાર બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. તેમાં બ્રેસ્ટ કેન્સર ચેકઅપ કેમ્પ અંકલેશ્વર માં આવેલ હોસ્પિટલ માં મહિલા મંડળની બહેનો એ કરાવ્યું.

**પ્રોજેક્ટ - ૨ :** યોગા દિવસ નિમિત્તે મહિલા મંડળની મિટિંગમાં યોગાશિબિર નું આયોજન કર્યું. જાગૃતિબેન ગોપાલભાઈ પંચોલી જે બધાને યોગા શીખવાડે છે તેમણે સૌ બહેનો ને યોગા શીખવાડ્યા.

**એક્સ્ટ્રા પ્રોજેક્ટ - ૩ :** માં પુરુષોત્તમ માસ (અધિકમાસ) નિમિત્તે સોનલબેન મનોજભાઈ પંચોલી ના નિવાસસ્થાને ખૂબ જ સરસ કૃષ્ણનું ડેકોરેશન કર્યું હતું. લાલાને સૌ બહેનોએ તુલસી તથા ગુલાબનાં ફૂલ ચડાવ્યા. લાલાની આરતી કરી. પુરુષોત્તમમાસ નિમિત્તે કૃષ્ણ ભગવાન માટે આંબડુ–જાંબડુ ભજન સૌ બહેનોએ ગાયું. દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રીએ એકાદશીનું ભજન ગાયું. અધિકમાસ નિમિત્તે મહિલા મંડળ તરફથી સૌ બહેનોને ઘંટડી ની લાણી વહેંચી. સોનલબેન મનોજભાઈ પંચોલી અને ખુશ્બુબેન વિસ્મયભાઈ મિસ્ત્રીની જૂન મહિનામાં બર્થડે હોવાથી કેક કાપી હતી.

**પ્રોજેક્ટ - ૩ :** વડસાવિત્રી નિમિત્તે સૌ બહેનોએ ઓનલાઈન દુલ્હન ની જેમ તૈયાર થઈ સાડી પહેરી તથા પૂજનના ફોટા ઓનલાઈન મુકવામાં આવ્યા.

ત્યારબાદ આવતા મહિનાની મિટિંગ દેવ્યાનીબહેન નિલેશભાઈ મહેતાના નિવાસસ્થાને નક્કી કરવામાં આવી. નાસ્તા અને શરબતને ન્યાય આપી છૂટા પડ્યા.

## તેજસ્વી તારલાઓ




**ભાગ્ય દેવાંગ ગાંધી**
મુંબઇ.




**ઈશિકા રાહુલ મિસ્ત્રી**
મુંબઇ.



**પ્રાચી સંકેતભાઇ પંચોલી**
**Passed MBBS**
**1190 out of 1800**




**ઈશિત નિલેશ પંચોલી**
વડોદરા.




**પૂર્વા હેમલભાઇ પંચોલી**

# શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ

નમસ્કાર જ્ઞાતિજનો,

શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ અને શ્રી ઉત્તમ ભાણા મિસ્ત્રી ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રીમતી નયનાબેન વી. મહેતા અને શ્રી વિક્રમભાઈ રણછોડજી મહેતા શૈક્ષણિક વ્યાજ વપરાશ ફંડમાંથી શાળાના વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ અને રોકડ સહાય આપવા માટે શ્રી સત્યનારાયણ એસી હોલમાં તા. ૭/૬/૨૬ ના રોજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વે જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત મંત્રી શ્રી ઊર્વિ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી. ઊર્વિબેને હાજર રહેલા તમામ જ્ઞાતિજનોનું હાર્દિક સ્વાગત કર્યું. ચિ. રીતુ મિસ્ત્રી દ્વારા સુંદર પ્રાર્થના રજૂ કરવામાં આવી. ચિ. વિરાજ પંચોલી દ્વારા પિયાનો પર રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવી. રાષ્ટ્રગીતને માન આપીને કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો. આ વર્ષે અવસાન પામેલા દિવંગતોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. આ વર્ષે કાર્યક્રમમાં અમેરિકા થી હાજર રહેલા સભ્ય શ્રીમતી નયનાબેન મહેતાનું શ્રી સુકેતુભાઈ પંચોલી દ્વારા અને શ્રી વિક્રમભાઈ મહેતાનું શ્રી નિલેશભાઈ મિસ્ત્રી દ્વારા પુષ્પગુચ્છ આપી બહુમાન કરવામાં આવ્યું.

પ્રમુખસ્થાનેથી રજૂઆતમાં શ્રી દિપેશભાઈ પંચોલી દ્વારા સર્વે જ્ઞાતિજનોનો આભાર માનવામાં આવ્યો. આ માસની તા. ૧૪/૬/૨૬ ના રોજ એકાદશીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે જેને લગતી સૂચનાઓ પ્રમુખશ્રી દ્વારા આપવામાં આવી. પ્રમુખશ્રી દ્વારા ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી. તમામ વિદ્યાર્થીઓને નોટબુક, પેન્સિલ અને બોલપેનની સહાય પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કરવામાં આવી અને રોકડ સહાયના કવરનું વિતરણ શ્રીમતી નયનાબેન મહેતા અને શ્રી વિક્રમભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું. આ વર્ષે ચિ. દુવા પંચોલીને ધો. ૧૦ માં સારા માર્ક્સ સાથે ઉત્તીર્ણ થવા બદલ પ્રમુખશ્રી દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવ્યું.

નોટબુક વિતરણ બાદ જ્ઞાતિજનો માટે ચિ. પ્રાચી અને કુશલ મિસ્ત્રી દ્વારા રમતગમતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નાના બાળકોથી લઈ મોટા વડીલો સુધી સૌ કોઈએ ભાગ લીધો અને દરેક રમત ઉત્સાહભેર રમ્યા.

મંત્રી શ્રી ઊર્વિ મિસ્ત્રી દ્વારા દર વર્ષે દરેક વિદ્યાર્થીઓ માટે નોટબુક અને સ્ટેશનરી ડિસ્કાઉન્ટ ભાવે અપાવી સમાજને મદદરૂપ થવા બદલ મેઘના ગિફ્ટ આર્ટિકલ્સના શ્રી તુષારભાઈ મિસ્ત્રી અને છાયાબેન મિસ્ત્રીનો આભાર માનવામાં આવ્યો. આજના કાર્યક્રમમાં મદદરૂપ થવા બદલ સર્વે કારોબારી સભ્યોનો આભાર માનવામાં આવ્યો.

અંતે સ્વાદિષ્ટ છોલેપુરી, સલાડ, વેજીટેબલ પુલાવ અને આઈસ્ક્રીમની મજા માણી સૌ કોઈ છૂટા પડ્યા.

**આજ રોજ મળેલ દાનની રકમ નીચે મુજબ છે :**

૧. વિક્રમભાઈ તથા નયનાબેન મહેતા ૧૦૦૦ રૂ.

૨. હેમંતભાઈ તથા જતીન મહેતા તરફથી (પ્રવાસમાં નાસ્તાના આયોજન નિમિત્તે) ૧૦૦૦ રૂ.

૩. પ્રણવભાઈ એમ. પંચોલી ૧૦૦૦ રૂ. – ૪. તરૂલતાબેન જે. મિસ્ત્રી ૨૫૧ રૂ.

૫. દિલિપભાઈ એન. પંચોલી ૨૦૧ રૂ. – ૬. ગં.સ્વ. વીણાબેન બી. મિસ્ત્રી ૨૦૧ રૂ.

૭. નિલેશ એસ. મિસ્ત્રી ૨૦૦ રૂ. – ૮. મંજુલાબેન પી. પંચોલી ૨૦૦ રૂ.








# શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ




શ્રી નવસારી પંચોલી સમાજ દ્વારા અધિક માસ નિમિત્તે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ગુમાનદેવ મંદિર, હરસિદ્ધિ માતા મંદિર, કુબેર ભંડારી અને પોઈચા સ્વામિનારાયણ મંદિર જેવા સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રવાસની શરૂઆત સવારે ૬ વાગ્યે નવસારી મહાનગર પાલિકા પાસેથી એસી બસ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રવાસમાં સમાજના કુલ ૫૦ જેટલા સભ્યો જોડાયા હતા. આજ રોજના પ્રવાસના સવારના નાસ્તા માટે અમેરિકા થી શ્રી હેમંતભાઈ મહેતા અને જતીનભાઈ મહેતા દ્વારા રૂ. ૧૦૦૦ ની રકમ સમાજને ફાળવવામાં આવી હતી. શ્રી નિલેશભાઈ એસ. મિસ્ત્રી અને શ્રી દિપકભાઈ પંચોલી દ્વારા તમામ પ્રવાસીઓ માટે ફૂડ પેકેટ્સ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

સવારે ૮:30 વાગ્યે ગુમાનદેવના મંદિરે પહોંચ્યા. ત્યાં દર્શન કરીને નાસ્તામાં બટાકાપૌવા અને ચા–કોફીનો સ્વાદ માણી હરસિદ્ધિમાતાનાં મંદિરે જવા રવાના થયા. ૧૧ વાગ્યે હરસિદ્ધિમાતાના મંદિરે પહોંચ્યા ત્યાં દર્શન કરી કુબેર ભંડારી જવા રવાના થયા. કુબેર ભંડારી ના દર્શન કરી પોઈચા પહોંચ્યા. પોઈચામાં બપોરના જમણને ન્યાય આપી થોડી વાર આરામ કરી પછી સૌ કોઈ દર્શન માટે નીકળ્યા. ત્યાં ગૌમુખ સ્નાન, મ્યુઝીયમ, વિવિધ સ્ટોલની મુલાકાત લીધી.

સાંજે ૭ વાગ્યે પુલાવ અને છાશની મજા માણી નવસારી માટે રવાના થયા. બસમાં અંતાક્ષરી, જોક્સ ની મજા માણતા માણતા રાત્રે ૧૨ વાગ્યે નવસારી પરત આવ્યા. એક અવિસ્મરણીય પ્રવાસના સંસ્મરણો સાથે સૌ કોઈ છૂટા પડ્યા.

## તેરમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી**

**જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨૦૧૩**

ઝળહળતા રત્નોના ઉજાસ છોડી, છોડી સૌનો સાથ
વસ્યા આપ જઈ પ્રભુને આવાસ, હૈયાને હવે રહ્યો સ્મૃતિનો સંગાથ
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એવી પ્રાર્થના.

**અર્પણકર્તા**

ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઈ પંચોલી
ચિ. સ્નેહા નંદકિશોરભાઈ પંચોલી
શ્રીમતી ચૈતાલી રવિકુમાર જાદવ તથા સહ પરિવાર

૩૯, સંધ્યાવંદન સૌસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૯૨૫૪૩૭૭૪૭ / ૯૫૧૦૮ ૮૯૮૫૨

## અનુકરણીય



**રૂા. ૫૦૧/– ભરૂચ નિવાસી
શ્રી વિપિનચંદ્ર જી. પંચોલી તરફથી
પૌત્રી વેનિશા નિમેષકુમાર પંચોલી
ના ધોરણ ૧૦ સીબીએસસી બોર્ડ માં
૯૦% આવવા બદલ
નવયુગ ને ભેટ**

# તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા.

## મે-જૂન અહેવાલ

મે–જૂન ૨૦૨૬ ના માસની મિટિંગ અસહ્ય ગરમીના કારણ સંયુક્ત મિટિંગ તારીખ. ૧૬–૬–૨૬ને મંગળવારના રોજ નિમાબેન. ડી. પંચોલીન નિવાસ સ્થાને બપોરના ૪.00 કલાકે રાખવામાં આવી. નિમાબેને સૌ બહેનોને લીંબુ– ફુદીનાનું શરબત પીવડાવી સ્વાગત કર્યું.

મિટિંગની શુભ શરૂઆત હનુમાન ચાલીસા સમૂહમાં બોલી કરવામાં આવી. મે મહિનાના પ્રોજેક્ટ અનુસાર બ્યુટી અને હેલ્થ વિશે બહેનોએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા. શિલાબેન અને જ્યોતીબેન બ્યુટી વિશે વિવિધ ટીપ્સ રજૂ કરી ચર્ચા કરી. લીનાબેન અને પ્રિતીબેન મપારાએ હેલ્થ વિશે ચર્ચા કરી. જૂન માસમાં ૨૧ મી જૂન યોગ શિબિર અંગે લીનાબેન અને જ્યોત્સનાબેને ચર્ચા કરી. પોતાના વિસ્તારમાં ચાલતા યોગ કેન્દ્રમાં જઈ યોગ કરતા ફોટા ઓનલાઈન રજૂ કરવા જણાવ્યું. વડ સાવિત્રી નિમિત્તે પૂજા કરતા તેમજ તૈયાર થયેલા ફોટા રજુ કરવા જણાવ્યું. નિમાબેને ગેમ રમાડી. ત્યારબાદ સમૂહમાં હાઉસી ની રમત રમ્યા.

તા. ૪–૭–૨૬ ને શનિવારના રોજ વડોદરા મેમ્બર ઓફ તેજસ્વીની તેમજ તેજસ્વીની મહિલા મંડળની તમામ બહેનોની સંયુક્ત મિટિંગ દિપિકા ગાર્ડન કારેલીબાગમાં રાખવામાં આવી છે તેની જાણ કરવામાં આવી. પોતાના સભ્યોને જાણ કરવા કહ્યું. વધારે સભ્યો હાજર રહે તેમ કહ્યું.અંતમાં નિમાબેને ગરમા ગરમ સ્વાદિષ્ટ સેવ ઉસળ નો નાસ્તો કરાવ્યો. ત્યારબાદ આઇસ્ક્રીમની મજા માણી. સ્વાદિષ્ટ નાસ્તો સુંદર આયોજન કરવા બદલ લીનાબેને સૌ બહેનોવતી નિમાબેન તેમજ દેવાંગભાઈનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો.આગામી મિટિંગ લીનાબેન. વી. પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી છે તેની જાણ કરવામાં આવી.

## જુલાઈ અહેવાલ

જુલાઈ માસની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૮–૭–૨૦૨૬ ને બુધવારના રોજ લીનાબેન બી. પંચોલીના નિવાસ સ્થાને બપોરના ૩.00 કલાકે રાખવામાં આવી. લીનાબેને સૌ બહેનોને આવકારી ઠંડી લસ્સી પીવડાવી.

મિટિંગની શુભ શરૂઆત રણછોડબાવની સમુહમાં બોલી કરવામાં આવી. સમાજમાં દિવંગત પામેલા આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌનપાળી શ્રધ્ધાંજલી આપી.

જૂન માસમાં આપેલ પ્રોજેક્ટ જયા પાર્વતી વ્રત નિમિત્તે પૂજાની થાળી શણગાર સ્પર્ધા ઓનલાઈન રાખવા જણાવવામાં આવ્યું. ત્યારબાદ ગુરુપૂર્ણિમાં નિમિત્તે ગુરુ–શિષ્યના વિશે પોતાના પ્રતિભાવ દર્શાવવા જણાવ્યું. જ્યોતીબેન એસ ગુરુઅને શિષ્ય વિશે પ્રસંગ રજૂ કર્યો. શિલાબેને એકલવ્ય વિશે ચર્ચા કરી પ્રસંગ રજૂ કરી છણાવટ કરી. ભૂરીબેને ગુરુનું મહત્વ શું છે તેના પર રજૂઆત કરી. સમુહમાં શ્લોક ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ બોલ્યા.

ત્યારબાદ લીનાબેને ગેમ–૧ ગેમ–૨ રમાડી. ગેમ–૧ ના વિજેતા પ્રથમ સપનાબેન, દ્વિતીય વિજેતા શીલાબેન તૃતીય વિજેતા જ્યોત્સના બેન થયા. ગેમ–૨ ના પ્રથમ વિજેતા પ્રિતીબેન પંચોલી, દ્વિતીય આનંદીબેને તૃતીય ભૂરીબેન થયા. વિજેતા બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા. સમુહમાં હાઉસીની રમત રમ્યા.

અંતમાં લીનાબેને ચટાકેદાર સમોસા ચાટ તેમજ કાલા જામનો નાસ્તો કરાવ્યો. સ્વાદિષ્ટ નાસ્તો, સુંદર વ્યવસ્થા કરવા બદલ પ્રિતીબેન પંચોલીએ સૌ બહેનોવતી લીનાબેન તેમજ ભરતભાઈનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો.

ધીરજભાઈ પંચોલીના માતૃશ્રી કમળાબેનના સ્મરણાર્થે મીનાબેન ધીરજભાઈ પંચોલી તરફથી રૂા. ૨૫૧/– દાન આપેલ છે. આગામી મિટિંગ પ્રિતીબેન પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી છે. તેની જાણ કરવામાં આવી. અંતમાં સૌ છૂટા પડ્યા.

## જુલાઈ સંયુક્ત મિટિંગ અહેવાલ

તા. ૪/૭/૨૦૨૬ તેજસ્વીની મહિલા મંડળ વડોદરા તેમજ મેમ્બર ઓફ તેજસ્વીની મંડળની ૨૦૨૬ ની સંયુક્ત મિટિંગ તા. ૪–૭–૨૬ ને શનિવારના રોજ કારેલીબાગ દિવ્યડા ગાર્ડન માં સાંજના ૪.30 કલાકે રાખવામાં આવી. મિટિંગમાં ૩૨ બહેનોએ હાજરી પુરાવી હતી.

મિટિંગની શુભ શરૂઆત હનુમાન ચાલીસા સમુહમાં બોલી કરવામાં આવી. જ્યોત્સનાબેને આવકાર પ્રવચન કરી તમામ બહેનોનું સ્વાગત કરવામાં આવ્યું. સૌ બહેનોએ પોતાના પરિચય આપ્યો.

સમાજના બહેનોમાં સંગઠન વધે તેમજ અવાર નવાર એકબીજા સાથે પરિચય કેળવે તેમજ મહિલાઓની સંખ્યાબળ વધે તે માટે પોતાના વિસ્તારની બહેનોને સભળ કરવા અંગે ચર્ચા કરી જણાવવામાં આવ્યું.

ત્યારબાદ ગેમ–૧ અને ગેમ–૨ ની રમત રમાડવામાં આવી. ગેમ–૧ માં પ્રથમ વિજેતા અર્ચના એચ. પંચોલી, દ્વિતીય વિજેતા નિમિષા એસ, તૃતીય વિજેતા માનસી એસ જાહેર કરવામાં આવ્યા. ગેમ–૨ માં પ્રથમ વિજેતા અર્ચના વાય., દ્વિતીય વિજેતા શ્રૃતિ સી., તૃતીય વિજેતા ઉષાબેન જાહેર કરવામાં આવ્યા.

મેમ્બર ઓફ તેજસ્વીની મહિલા મંડળની તમામ બહેનોના બે વર્ષ પૂર્ણ થવાથી તમામ સભ્યોને મંડળ તરફથી ગિફ્ટ આપવામાં આવી. ત્યારબાદ ગરમા ગરમ ચટાકેદાર ઈડલી, સંભાર, કોપરાની ચટણીનો સમુહમાં નાસ્તો કર્યો. ત્યારબાદ ઠંડા પીણાની જીરૂની બોટલ આપવામાં આવી. શ્રી ભરતભાઈ જી. પંચોલી તરફથી સ્વ. સુરેખાબેન બી. પંચોલીના સ્મરણાર્થે ગેમના વિજેતા બહેનોને ઈનામ આપવામાં આવ્યું. તેમજ નાસ્તા અને ઠંડા પીણાનો ખર્ચ શ્રી. ભરતભાઈ. જી. પંચોલી તરફથી આપવામાં આવ્યો.

અંતમાં આનંદીબેને આભાર વિધિ કરી. તેજસ્વીની મહિલા મંડળની તમામ બહેનો તેમજ મેમ્બર ઓફ તેજસ્વીની બહેનો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો તે બદલ તમામ બહેનોનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે જ્યારે પણ આવો ભેગા મળવાનો પ્રોગ્રામ રાખીએ ત્યારે વધારે પ્રમાણમાં સમાજની બહેનો જોડાય અને સાથ સહકાર આપે તેવું જણાવવામાં આવ્યું. ગેમની વિજેતા બહેનોના ઈનામ વિતરણનો ખર્ચ તેમજ તમામ બહેનોનો નાસ્તો તેમજ ઠંડાપીણાનો ખર્ચ સ્વ. સુરેખાબેન ના સ્મર્ણાર્થે શ્રી ભરતભાઈ જી. પંચોલીએ આપ્યો તે બદલ તેજસ્વીની મહિલા મંડળની તમામ બહેનો તરફથી શ્રી ભરતભાઈનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો.

તેજસ્વીની મહિલા મંડળને શિખર સુધી લઈ જનાર પૂરણારગોલ સ્વ. સુરેખાબેન તેજસ્વીની મહિલા મંડળનું હ્રદય છે. તે સદાય અમારી વચ્ચે છે અને રહેશે. તેમની યાદો વાગોળતા રહીશું તેમની ખોટ કદી પુરાશે નહિ. અંતમાં સૌનો ખૂબ ખૂબ આભાર.

**આ.ન. પંચોલી (મંત્રી)**
**તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા.**

---

# Congratulations



Nandini Pancholi

***Heartiest Congratulations to***

***CS Nandini Pancholi***

on passing the prestigious

**Company Secretary (CS) Examination and achieving a title for CS.**

**Your Hard Work, dedication and unwavering focus have brought this well deserved success.**

***With Blessing of***

Lt. Shri Jayantilal Chunilal Pancholi
Kusumben Jayantilal Pancholi
Dhaval Jayantilal Pancholi
Priti Dhaval Pancholi
Bhavya Dhaval Pancholi ( Pursuing MCA)

Add. 9/401, Yogipark, Near Swaminarayan Temple, Adajan, Surat | M. 9727037913

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચિંગ કાર્યક્રમ અંગે...

તા. ૧૨/૦૭/૨૦૨૬ના રોજ સુરત ખાતે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચિંગ કાર્યક્રમ સાથે સાથે મહામંડળની કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સ્વયં સુરત દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સુરત પંચ અને સુરત મહિલા મંડળ તરફથી સપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો, અને તેઓના હોદ્દેદારો સમગ્ર કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

સૌપ્રથમ સવારે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી આવેલા સૌ મહેમાનો માટે ચાહ નાસ્તાની સગવડ કરવામાં આવી. ત્યાર બાદ કાર્યક્રમની શરૂઆત ધ્યાની સ્વપિનલ પંચોલી દ્વારા પ્રાર્થના વંદના કરવામાં આવી, ત્યારબાદ તમામ હોદ્દેદારો, દાતાશ્રી ને પ્રથમ રો– મા આમંત્રિત કરવામાં આવ્યા. પરંપરા મુજબ પધારેલ મહામંડળના હોદ્દેદારો, દાતાઓ અને આમંત્રિતો નું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અનિવાર્ય સંજોગોને કારણે મહામંડળના પ્રમુખશ્રીની ગેરહાજરીમાં ઉપપ્રમુખ શ્રી નિશિકાંતભાઈ મિસ્ત્રી દ્વારા પ્રાસંગિક ઉદબોધન, વેબસાઈટ બનાવવા માટે મદદ કરનાર સૌ નો આભાર વ્યકત કર્યો અને સ્વયં સુરત ટીમ ને ખાસ શુભેચ્છા પાઠવી હતી.

ત્યારબાદ મહામંડળ ના પ્રમુખશ્રી ભરતભાઈ દ્વારા પાઠવેલ વર્ચ્યુઅલ શુભેચ્છાનું સ્ક્રીન પર પ્રસારણ કરવામાં આવ્યું. ત્યારબાર વેબસાઈટના ઍડમિન, પ્રતીક પંચોલી એ વેબસાઈટ વિશે ટૂંકમાં જાણકારી આપી અને ત્યારબાદ મહામંડળના હોદ્દેદારો અને મુખ્ય દાતા શ્રીમતી પૂર્ણિમાબેન ગજ્જર ના હસ્તે નવી વેબસાઈટ લોન્ચ કરવામાં આવી.

વેબસાઈટ અને મહામંડળ ની એપ ના સફળ લોન્ચિંગ બાદ સ્વયં સુરતના ઉપપ્રમુખ શ્રી સ્વપિનલ પંચોલી દ્વારા હાજર રહેલા મહામંડળના હોદ્દેદારો દાતાઓ અને તમામનો અભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ સ્વયં સુરતના પ્રમુખ મૃદુતા મિસ્ત્રી પંચોલી દ્વારા સ્વયં સુરતની સમગ્ર ટીમના સાથે રાખી સ્વયં સુરત દ્વારા વર્ષ ૨૦૨૭માં ઉડાન–૩ ના આયોજનની જાહેરાત પણ કરવામાં આવી હતી, જેને હાજર રહેલા તમામ લોકોએ તાળીઓથી વધાવી લીધી હતી અને ડૉક્ટર રેખાબેન મિસ્ત્રી તરફથી તાત્કાલિક રૂા. ૫,૦૦૦ ઉડાન ૩ માટે આપવાની જાહેરાત કરવામાં આવી. જેનો સુરત એકમ અને વડોદરા એકમ દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો અને મહામંત્રી શ્રી જયેશભાઈ એ મહામંડળ પણ આ કાર્યક્રમમાં બનતી મદદ કરશે એમ જાહેર કરવામાં આવ્યું.

ત્યારબાદ મહામંડળની કારોબારી માટે ડાયસ મહામંડળના મહામંત્રી શ્રી જયેશભાઈ પંચોલીને સુપરત કરવાની જાહેરાત કરવામાં આવી, કારોબારી આયોજનના ખર્ચ પેટે ઠરાવ મુજબ મહામંડળ તરફથી સ્વયં સુરત ને રૂા. ૧૦૦૦૦/–, એલ. સી. સોશિયલ ગ્રુપ તરફથી રૂા. ૫૦૦૦/– અને વેબસાઈટ તરફથી રૂા. ૭૦૦૦/– સ્વયં સુરત ને આપવામાં આવ્યાં. કારોબારીના સમાપન બાદ સૌ ભોજન લઈને બપોરે ૨:૦૦ વાગ્યે છૂટા પડ્યા.








# પંચોલી સેવા મંડળ, રાજપીપળા

**સ્થળ : પંચોલીની વાડી – તા. ૦૫/૦૭/૨૦૨૬, રવિવાર**

સમય : ૧૦ થી ૧–૦૦ સુધી પંચોલી સેવા મંડળની સામાન્ય સભા + KG થી ધોરણ ૧૨ સુધીના સમાજના સર્વે વિદ્યાર્થીઓને ઈનામી વિતરણ – સન્માન સમારંભ ત્રણ ભેગા કાર્યક્રમનો ત્રિવેણી સંગમ યોજાયો.

જેમાં સમાજના સર્વે સ્નેહીઓ સપરવાર હાજર રહ્યા. પ્રાર્થના : ભગીની મંડળની બહેનો દ્વારા ગાવામાં આવી. સદ્ગત દિવંગત આત્માઓને બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ સભામાં આપી. સર્વે જ્ઞાતિજનોનું શાબ્દિક સ્વાગત ચેહકાના ભાઈઓએ કર્યું.અહેવાલ વાચન મંત્રીશ્રી નિરવભાઈએ કર્યું.

**-વિશેષ સેવાઓ બદલ સન્માન કાર્યક્રમ-**

**(૧) જયેશભાઈ ચંદ્રકાન્ત :** દત રાજપીપળા નાગરીક સહકારી બેન્કના આપણા સમાજના પ્રથમ CEO (મેનેજર) તા ૧/૪/૨૫ થી, પંચાલી સેવા સમાજ મહામંડળના મહામંત્રી તરીકે કાર્ય કરવા બદલ, ૭૦ થી વધુ વખત રક્તદાન કરવા બદલ, રામપરા માંગરોલ ઉત્તરવહીની પરિક્રમા સેવા આપવા બદલ, હિરલબેન (પત્ની) તથા જયેશભાઈએ ૩૩૦૦ કિમીની બંને તરફથી મારેવા મા નર્મદા પરિક્રમા એન ફિલ્ડ બુલેટ મોટર બાઈક દ્વારા દિન–૧૮ માં માહેદિન–૧૬ માં પૂર્ણ કરી.

**(૨) હરનીષભાઈ ગણપતભાઈ :** રાજપીપલા વડોદરા. ૩૦ વર્ષની અંગ્રેજી વિષયના શિક્ષકના તરીકેની સેવા બાદ ગિરધર વિદ્યાલય (માધ્યમિક શાળા) માસર ખાતે શાળાના આચાર્ય તરીકે નવાજવા બદલ સમાજના દરેક કાર્યોમા તન, મન, ધનથી સેવા આપવા બદલ.

**(૩) અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ :** નિવૃત્ત આરોગ્ય અધિકારી, ૭૯ વર્ષની ઉંમરે તન, મન, ધનથી સમાજ સેવા મા નર્મદા ઉત્તરવહીની પરિક્રમા સેવા યજ્ઞના ખડે પગે પરિક્રમાર્થીઓને ઠંડુ, ચા, નાસ્તો ની સેવા આપવા બદલ. રાજપીપલાના એકમના દરેક કાર્યમાં ખભેથી ખભા મીલાવી સમાજ સેવા કરવા બદલ.

**(૪) શાંતિલાલ વલ્લભાદાસ મપારા :** પંચોલી સમાજ રાજપીપળાના મોભી ૧૦૦માં વર્ષમાં પ્રવેશ, ગાંધીવાદી, સ્વાવલંબી જીવન જીવનારા, સમાજના માર્ગદર્શન. પંચોલી સેવા મંડળ રાજપીપળાને વખતે વખત તન, મન, ધનથી મદદ કરતા એવા હસમુખા સરળ વ્યક્તિ ના ઉત્તમ કાર્યો બદલ.

**(૫) પનસભાઈ વિઠ્ઠલભાઈ :** નિવૃત્ત ઈજનેર ઉ.વ. ૭૯ સમાજની પ્રગતિ પરિવાર યોજનાના પાયાના સભ્ય, સમાજ સુરક્ષા યોજના ને રાજપીપળા એકમમાં વધુ પ્રસાર પ્રચાર કરી વેગવંતી બનાવવાના કાર્યમાં સિંહફાળો.
કાઠીયાવાડના અમરેલીમાં જિલ્લા પંચાયત માં એડીશન ઈજનેર તરીકેની ૩૫ વર્ષની સેવાઓ આપ્યા બાદ નિવૃત્તિમાં માતૃભૂમિ, જન્મભૂમિ, વતન રાજપીપળામાં કુટુંબીજનો સાથે નહિં સમાજ સેવા ક્ષેત્રે કાર્યશીલ છે.

સૌ સન્માન્યજનોને પુષ્પ ધૂપસળી પેકેટ, સાલથી નવાજવામાં આવ્યા. ઈનામ વિતરણ અહેવાલ વાચન એડ. ભાવેશ પ્રકાશચુ. જેતે દાતાઓ તરફથી શરતી + બિનશરતી વાર્ષિક ઈનામ વિતરણ ઈનામો આપવામાં આવે છે. સંપૂર્ણ યાદી નું વાંચન કરવામાં આવ્યું.

ધો. ૧ થી ૧૨ સુધીના સમાજના દરેક માર્ચ–એપ્રિલ–૨૦૨૬ ઉત્તીર્ણ થનાર દિકરા–દિકરાઓને ઈનામો તથા વડીલોના હાથે સમાજ તરફથી ગીફ્ટ આપી વડીલોના હસ્તે નવાજવામાં આવ્યા. એનાઉન્સમેન્ટ (નયનાબેન નમનભાઈ).

**આભાર દર્શન :** એડ. ભાવેશ પ્રકાશચંદ્ર દ્વારા ઈનામોમાં દાન આપનાર, કાયમીદાન આપનારા સમાજને વખતો વખત દાન આપવા બદલ, આ પ્રોગ્રામનો ભોજનનો સંપૂર્ણ ખર્ચ પ્રગતિ પરિવારના સહયોગથી પ્રગતિ પરિવાર, ભગીની મંડળ, વાડી ટ્રસ્ટ યુવાઓ, રસોયની કામગીરીમાં વ્યવસ્થા પુરી પાડવા બદલ – ગોપાલભાઈ, નિરવભાઈ, શૈલેષભાઈ, હિતેશભાઈ, નિખીલભાઈ, પીનલભાઈ, શંભુભાઈ તથા યુવા ટીમ વખતો વખત સમાજની રસોય બનાવવાની સેવા હીરાભાઈ જોષી, જગદિશભાઈ તથા દર વર્ષે માઈક મંડપની સેવા આપતા તેજસભાઈ તથા સમાજના સર્વે જ્ઞાતિજનો આભાર માનવામાં આવે છે.

## પંચોલી સેવા મંડળ ઈનામ વિતરણ સને ૨૦૨૫-૨૬

| | જુનિયર/સીનિયર કે.જી |
|---|---|
| ક્રમ | નામ |
| ૧ | શિવાંશ પિનલ ઈશ્વરભાઈ |
| ૨ | પ્રાંશી નીરવ નરેન્દ્રભાઈ |
| ૩ | પ્રાંજલ નીરવ નરેન્દ્રભાઈ |
| ૪ | દિવ્યાંશ ભાર્ગવ કિશોરભાઈ |
| ૫ | ધ્વનિ જયપ્રકાશ દત્તુભાઈ |
| ૬ | શ્રેયાંશ દર્શન મહેશભાઈ |
| ૭ | જીયાન્સ વિશાલ રમેશભાઈ |
| ૮ | નવ્યા અંકુર ચંદ્રકાંત |
| ૯ | અનન્યા પિનલ ઈશ્વરભાઈ |
| ૧૦ | કુ.તકસ્વી વિપુલ જયંતિભાઈ |
| ૧૧ | કુશીવ ચંદુભાઈ જીણાભાઈ |
| | |
| | ધોરણ-૧ |
| ૧ | તક્ષ આશિષ મહેશભાઈ |
| ૨ | ધ્યાના કુશાલ કૃષ્ણકાંતભાઈ |
| ૩ | જીયાંશ દક્ષેશ રમેશ જોષી |
| | |
| | ધોરણ-૨ |
| ૧ | વ્યોમ કુતિક શૈલેષભાઈ |
| ૨ | રૂહી દીપેન નવીનચંદ્ર |
| ૩ | કિશવ ધ્વનિ (કવીશ) |
| ૪ | જૈત્ર વિવેક રાજેશ (વિઠ્ઠલભાઈ) |
| ૫ | વેદા ધર્મેશભાઈ(ભગત) રમણભાઈ |
| ૬ | શિવાલિકા ભાર્ગવ કિશોર ભાઈ |
| | |
| | ધોરણ-૩ |
| ૧ | જૈનિશ ભૌમિક યોગેશભાઈ |
| ૨ | પ્રિયા રૂપકુમાર સંતશરણ |
| ૩ | પર્વ કિતેશ જગદીશભાઈ |
| ૪ | વંશ અલ્પેશભાઈ |
| | |
| | ધોરણ-૪ |
| ૧ | દૂર્વા વૈભવ દીપનભાઈ |
| ૨ | પરી મયુર જયસુખભાઈ |
| ૩ | કેયા દીપેનભાઈ |
| ૪ | શૌર્ય વિશ્રુત ગીરીશચંદ્ર |
| ૫ | વિશ્વા સંજય મનહરભાઈ |
| | |
| | ધોરણ-૫ |
| ૧ | અલય ચેરી નરેન્દ્રભાઈ |
| ૨ | હેતાંશ કલ્પેશ પ્રવીણભાઈ |
| ૩ | નક્ષ નિતેઈં રાજેશભાઈ |
| ૪ | દક્ષ આલૌક મુકેશભાઈ |
| | |
| | ધોરણ-૬ |
| ૧ | સવ્ય ચિરાગ વિજય મપારા |
| ૨ | હની ચિરાગ જગદીશભાઈ |
| ૩ | દિયા નીરવ નરેન્દ્રભાઈ |

| | |
|---|---|
| | ધોરણ-૭ |
| ૧ | હેત્વી ભાવેશ પ્રકાશ મુળજીભાઈ |
| ૨ | તીર્થ અલ્પેશ જયંતભાઈ |
| ૩ | કેદાર દક્ષેશ રમેશ જોષી |
| | |
| | ધોરણ-૮ |
| ૧ | ધૈર્ય આશિષ નગીનદાસ |
| ૨ | ક્રીવી રીતેશ (નરેશભાઈ) |
| ૩ | જય એસ (નરેશભાઈ) |
| ૪ | નવ્યા હિમાંશુ સુમનભાઈ |
| ૫ | માહીર જ્ઞાન શરણ |
| ૬ | જીત પ્રજેશ ગુરૂસેવક |
| | |
| | ધોરણ-૯ |
| ૧ | વિઘ્નેશ હિતેશ રમેશભાઈ |
| ૨ | પ્રીશા મયુર વિજયમપારા |
| ૩ | વ્યોમ અતિષ મહેશભાઈ |
| ૪ | વાસ્વી જયપ્રકાશ દતુંભાઈ |
| ૫ | રૂદ્ર કેયુ નરેન્દ્રભાઈ |
| ૬ | જય આશિષ અરવિંદભાઈ |
| ૭ | વિધાન રોહણ યોગેશભાઈ |
| ૮ | જય દિનેશ કાંતિભાઈ |
| ૯ | આરવ વિનય કંચનભાઈ |
| ૧૦ | અંશ પ્રકાશ જયંતિભાઈ |
| ૧૧ | કુંજ દિવ્યેશ કિશોરભાઈ |
| | |
| | ધોરણ-૧૦ |
| ૧ | વૃશાલી અમિત કનૈયાલાલ |
| ૨ | વૈદહી દિવ્યેશ કીશોરભાઈ |
| | |
| | ધોરણ-૧૧ કોમર્સ |
| ૧ | માનવ કલ્પેશ પ્રવીણ મુળજીભાઈ |
| | |
| | ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ |
| ૧ | ઈશા નિખીલ પનસ વિઠ્ઠલભાઈ |
| ૨ | દેવ હિતેશ જગદીશભાઈ |
| ૩ | નીશી વિશ્રુત ગીરીશચંદ્ર |
| ૪ | નિધિ કમલેશ કંચનભાઈ |
| | |
| | ધોરણ-૧૨ કોમર્સ |
| ૧ | પ્રિન્સી ઉમેશભાઈ હરીવદન |
| | |
| | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ |
| ૧ | વેદાંત જયેશભાઈ |
| ૨ | માનવ ધર્મેશ રમણભાઈ |

ક્રમ ૧ થી ૩ ને રોકડ ઈનામો તથા નાના બાળકોને બિગ વોટરબોટલ મોટાઓને કોલ્ડ વોટરબોટલ તથા ૧૦ થી ૧૨ ના તમામને રોકડ ઈનામ તથા ફોલ્ડર ફાઈલ આપવામાં આવી.

**આજ રોજ મળેલ રકમ નીચે મુજબ છે :**

૧. શાંતિલાલ વલ્લભદાસ મપારા રૂા. ૧૦૫૧ /–

૨. ચંદ્રકાંત પ્રેમાનંદ રૂા. ૧૦૦૦ /–
૩. એડ. પ્રકાશચંદ્ર મૂળજીભાઇ રૂા. ૫૦૦/–
૪. દિનબંધુભાઈ મનહરલાલ રૂા. ૫૦૦/–
૫. અરવિંદભાઇ વિઠ્ઠલભાઇ રૂા. ૫૦૦/–
૬. અરવિંદભાઇ વિઠ્ઠલભાઇ બર્થડે નિમીત્તે રૂા. ૨૦૦/–
૭. ગુરૂસેવક છગનલાલ રૂા. ૫૦૦/–
૮. પનસભા વિઠ્ઠલભાઇ રૂા. ૫૦૦/–
૯. યોગેશભાઇ કંચનભાઇ રૂા. ૫૦૦/–
૧૦. ઈન્દ્રવદન સોમાભાઈ રૂા. ૩૦૧/–
૧૧. નિલેષભાઇ જયંતિભાઇ રૂા. ૩૦૦/–
૧૨. દિનેશચંદ્ર કાંતિલાલ એડ. રૂા. ૫૦૦ /–
૧૩. મયુરભાઇ જયસુખભાઇ રૂા. ૨૫૧/–
૧૪. આશીષભાઇ નગીનભાઇ (સ્વ. ગીતાબેન સ્મ.) રૂા. ૨૫૦/–
૧૫. પ્રકાશભાઇ દત્તુભાઇ રૂા. ૧૦૧/–





---

# શ્રી પંચોલી સેવા સમાજ – મુંબઈ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ દ્વારા નોટબુક વિતરણ કાર્યક્રમ ૨૦૨૬–૨૭ નું આયોજન ૨૧મી જુન ૨૦૨૬, રવિવારના રોજ મીરા રોડ (પૂર્વ)માં RNA કોટચાડે હોલમાં સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ ના સમયમા કરવામાં આવ્યું હતુ.

**- નોટબુક વિતરણ કાર્યક્રમ -**

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ દ્વારા, ૩૨ વિદ્યાર્થીઓને પેન અને પેન્સિલ સાથે કુલ ૫૭૬ પુસ્તકોનું વિતરણ કરાયુ અને કુલ રૂા. ૮૪,૫૦૦ નું રોકડ વિતરણ પણ કરવામા આવ્યું

(નોંધ: SPSSM સમિતિએ તેમની પ્રથમ સમિતિની બેઠકમાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક રોકડ વિતરણની રકમ વધારી હતી)

**- આભાર અને સપોર્ટ :**

૧. નોટબુક, પેન અને પેન્સિલના દાન માટે અમારા ઓડિટર, CA શ્રી શૈલેષભાઈ હરીશભાઈ પંચોલીનો વિશેષ આભાર.

૨. પેન્સિલના દાન માટે શ્રી કૃણાલભાઈ રાજેન્દ્રભાઈ પંચોલીનો વિશેષ આભાર.

૩. RNA કોટચાડે હોલ બુક કરવા બદલ શ્રી મયુરભાઈ જગદીશ ભાઈ મિસ્ત્રીનો વિશેષ આભાર.

૪. આખા વર્ષ દરમ્યાન SPSSM ની નોટબુકોને તેમની ઓફિસ મા રાખવા બદલ, શ્રી મયંકભાઈ ડાહ્યાભાઈ મિસ્ત્રી, નો ખૂબ ખૂબ આભાર

૫. SPSSM ની નોટબુકોને Heera Chemicals ની ઓફિસ મા રાખવા બદલ, શ્રી રાકેશભાઈ નવીનચંદ્ર મિસ્ત્રી, શ્રી પરાગભાઈ નવીનચંદ્ર મિસ્ત્રી, નો ખૂબ ખૂબ આભાર

૬. અને છેલ્લે, પણ સૌથી મહત્વપૂર્ણ, નોટબુક વિતરણ કાર્યક્રમ મા હાજરી આપવા બદલ તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓનો આભાર.




# દિપોત્સવી અંક ૨૦૨૬

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ` ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ` ૭,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (સિંગલ કલર) | ` ૧,૫૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ` ૯,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (સિંગલ કલર) | ` ૮૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ` ૮,૦૦૦/- |
| ☐ | પા પેજ (સિંગલ કલર) | ` ૫૦૦/- | ☐ | ચોથુ કવરપેજ | ` ૧૦,૦૦૦/- |

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂ.....................રોકડા (‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે બેંક ઓફ બરોડા અંકલેશ્વરની શાખામાં ખાતા નંબર **02210100057495 IFSC code BARB0ANKLES** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................................

(૨)............................................................ (૩) ............................................................

(૪)............................................................ (૫) ............................................................

(૬)............................................................ (૭) ............................................................

(૮)............................................................ (૯) ............................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન ...................................... ફોન : (ઘર)...............................(ઓ)...............................

મોબાઈલ ..........................................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

**દરેક એકમના પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને સમય મર્યાદામાં મોકલી આપવા વિનંતી.**

**જાહેરાત મોકલ્યા બાદ નીચેના નંબર પર જાણ અચૂક કરવી.**

**પ્રમુખ : ભરત સી. પંચોલી મો. ૯૪૨૬૭ ૭૨૨૬૪**

**તંત્રી : જય એમ. પંચોલી મો. ૯૯૯૮૦ ૫૪૪૭૫ – તંત્રી : જીગર એન. મપારા મો. ૯૮૯૮૬ ૪૮૬૬૪**

**વોટ્સએપ મોબાઈલ નંબર : મો. ૯૯૯૮૦ ૫૪૪૨૬**

**જાહેરાત મોકલવાની છેલ્લી તારીખ**
**30/0૯/૨૦૨૬**

**જાહેરાત મોકલવાનું સ્થળ**
**૮૦૩-૮૦૪, બ્લુચીપ કોમ્પ્લેક્ષ, સ્ટોક એક્ષચેન્જની પાસે, સયાજીગંજ, વડોદરા – ૩૯૦૦૨૦ ગુજરાત.**
email : jpancholi11052004@gmail.com,

# એક વાર જાવું હરીના ધામમાં



સુરત નિવાસી,
ધર્મેન્દ્ર રમણીકલાલ પચ્ચીગર,
તા. ૧૧-૦૬-૨૦૨૬, ગુરૂવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



રાજપીપલા નિવાસી,
ગીતાબેન નગીનલાલ પંચોલી,
તા. ૨૩/૦૬/૨૦૨૬, મંગળવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



નવસારી નિવાસી,
કલ્પેશકુમાર ભગુભાઇ મિસ્ત્રી,
તા. ૨૫-૦૬-૨૦૨૬, ગુરૂવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



વડોદરા નિવાસી,
હાર્દિક નારણભાઇ પંચોલી,
તા. ૦૩/૦૭/૨૦૨૬, શુક્રવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



સંખેડા નિવાસી,
મહેન્દ્રભાઇ ચીમનભાઇ પંચોલી,
તા. ૧૭-૦૭-૨૦૨૬ શુક્રવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



વ્યારા નિવાસી,
પ્રભાબેન નવીનચંદ્ર પંચોલી,
તા. ૧૯/૦૭/૨૦૨૬, રવિવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



સુરત નિવાસી,
વિશાલભાઇ બિપીનચંદ્ર ઝવેરી,
તા. ૦૧/૦૮/૨૦૨૬, શનિવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.



વ્યારા નિવાસી,
હરીશભાઇ સન્મુખભાઇ પંચોલી,
તા. ૦૨-૦૮-૨૦૨૬ રવિવારના
રોજ શ્રીજી ચરણમાં સિધાવ્યા છે.

Publisher and Printer **Jay Pancholi** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
Published & Printed : **Sakhi Graphics & Designing, 803- 804, Blue Chip Complex,**
**Nr. Stock Exchange Building, Sayajiganj, Vadodara, Gujarat 390020**
Editior : **Jay Pancholi** Mo. : 99980 54475 | **Jigar Mapara** Mo. : 98986 4866
Email : jpancholi11052004@gmail.com